Mitesh C. Patel
Advocate (Gujarat High Court) (B.Com., LL.B)
First Floor, Balaji Hall, 150 Fit Ring Road, Rajkot - 360005.


**જમીનના ટાઈટલ સંબંધે અભિપ્રાય આપવા બાબત ::-**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ મહાનગરપાલિકા માં સમાવેશ થયેલ ગામ **મવડીના રેવન્યુ સર્વે નં. ૨૫૫ તથા ૨૫૬(૧)** ની જમીન એકર ૮-૦૬ ગુંઠામાં (ટી.પી. સ્કીમ નં. ૨૮(મવડી), મુળ ખંડ નં. ૮, અંતિમ ખંડ નં. ૮/૨) રહેણાંક હેતુ માટે બીનખેડવાણ થયેલ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનમાં આવેલના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૮૧** ની જમીન **ચો.મી.આ. ૨૧૪-૭૯** જેના ચો.વા.આ. ૨૫૬-૯૦ છે. **તે જમીનનો ૩૦-વર્ષની સર્ચ કરી રીપોર્ટ આપવા અંગે.**

ઉપરોકત બાબતમાં જણાવેલ મિલ્કત **મે. સાન્વી ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢી** ની માલીકીની આવેલ છે. જેની ઉત્તરોત્તરની ફાઈલ રજુ કરેલ છે. જેમા નીચે મુજબના પેપર સામેલ છે. અને સ્થાવર મિલ્કતના ટાઈટલ સબંધે અભિપ્રાય આપવા વિનંતી કરેલ છે. તો સદરહું મિલ્કતનો મારો અભિપ્રાય નીચે મુજબ છે.

**સ્થાવર મિલકતના માલીકનું નામ ::-** [PAN NO. ADYFS 1657 E]

**"સાન્વી ડેવલોપર્સ" ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો ::-**

**(૧) શ્રી ગોપાલભાઈ રૈયાભાઈ મોરી,**
ધર્મે: હિન્દુ, ઉ.વ.આ. ૫૮, ધંધો: વેપાર, રહે. રાજકોટ.

**(૨) શ્રી શિલ્પાબેન ગોપાલભાઈ મોરી,**
ધર્મે: હિન્દુ, ઉ.વ.આ. ૫૪, ધંધો: ગૃહકાર્ય, રહે. રાજકોટ.

**(૩) શ્રી સાગરકુમાર ગોપાલભાઈ મોરી,**
ધર્મે: હિન્દુ, ઉ.વ.આ. ૩૦, ધંધો: વેપાર, રહે. રાજકોટ.

પેઢી નું ઠે. ફલેટ નં. ૩૦૨, "ડ્રીમ વિલા", અંબિકા ટાઉનશીપ, અંબે માતાજીના મંદીર પાછળ ,કસ્તુરી રેસીડેન્સીની સામે, તુલશી કોર્નરની બાજુમાં, મવડી, રાજકોટ.

Mitesh C. Patel
Advocate (Gujarat High Court) (B.Com., LL.B)
First Floor, Balaji Hall, 150 Fit Ring Road, Rajkot - 360005.

**સ્થાવર મિલકતનું વર્ણન :-**

મવડી ગામના ખાતેદાર શ્રી પ્રેમજી પાંચાએ તેના ખાતાના મવડી ગામની જમીનના રે.સ.નં. ૨૫૫ની જમીન એકર ૪-૨૫ ગુંઠાની સરકારી નવી માપણી થતા હકક પત્રકે નોંધ નં. ૨૨૧ થી નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યાર બાદ મવડી ગામના ખાતેદાર શ્રી પ્રેમજી પાંચા તથા નથુ પાંચા બન્ને ભાયુ હોય તેમજ જયારે માપણી થઈ હતી ત્યારે શ્રી નથુ પાંચાના ભાગમાં આવતા રે.સ.નં. ૨૫૬/૧ ની જમીન માપણી માં થઈ હતી પરંતુ માપણી સમયે સદરહું જમીન માં અમુક કબજો શ્રી પ્રેમજી પાંચાના કબજામાં હતી જેથી તલાટી દફતરે તેની અરજી કરતા શ્રી નથુ પાંચાના ભાગીમાં રે.સ.નં. ૨૫૬/૧ ની જમીન એકરે ૩-૨૨ ગુંઠા અને શ્રી પ્રેમજી પાંચાના ભાગીમાં જમીન એકર ૩-૨૧ ગુંઠા ફેરફાર નોંધ નં. ૧૬૧૮ થી નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યાર બાદ ખાતેદાર શ્રી પ્રેમજી પાંચાના ખાતાની જમીનની ઘરમેળે વહેંચણી કરતા તેના વારસદારો પૈકી નં. (૧) પટેલ ખોડા પ્રેમજી ના ભાગમાં મવડી ગામના રે.સ.નં. ૨૦૦ જમીન એકર ૭-૦૫ ગુંઠા તથા રે.સ.નં. ૨૦૬ ની જમીન એકર ૧-૧૨ ગુંઠા તથા રે.સ.નં. ૨૧૬ ની જમીન એકર ૦-૧૬ ગુંઠા તેમજ નં. (૨) પટેલ વિરજી પ્રેમજી ના ખાતામાં રે.સ.નં. ૨૫૫ ની જમીન એકર ૪-૨૫ ગુંઠા તથા રે.સ.નં. ૨૫૬/૧ ની જમીન એકર ૩-૨૧ ગુંઠા મુજબ તલાટી દફતરે નોંધ નં. ૧૧૦ થી નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યાર બાદ મવડી ગામના ખાતેદાર શ્રી વિરજી પ્રેમજીએ પોતાના ખાતાની જમીનના રે.સ.નં. ૨૫૫ તથા ૨૫૬/૧ ની જમીન એકર ૮-૦૬ ગુંઠા છે, તે અનુક્રમ નં. ૧૬૯૮૦, તા. ૧૯/૧૨/૧૯૯૦ ના રોજથી શ્રી રાજા રતિભાઈ મીરાણીને વેચાણ આપેલ હોય તેની તલાટી દફતરે નોંધ નં. ૪૧૮ થી નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યાર બાદ મવડી ગામના ખાતેદાર શ્રી રાજા રતિભાઈ મિરાણીના કુલમુખત્યાર શ્રી ડો. હરીશ રતીલાલ મહેતાએ મવડીના રે.સ.નં. ૨૫૫ તથા ૨૫૬/૧ ની જમીન એકર ૮-૦૬ ગુંઠા છે, તે અનુક્રમ નં. ૭૭૮૫, તા. ૧૪/૦૬/૧૯૯૧ ના રોજથી શ્રી કિરીટસિંહ ટપુભા વિગેરેને વેચાણ આપેલ હોય તેની તલાટી દફતરે નોંધ નં. ૪૮૪ થી નોંધ પ્રમાણીત થયેલ છે.

ત્યાર બાદ મવડીના રે.સ.નં. ૨૫૫ તથા ૨૫૬/૧ ની જમીન એકર ૮-૦૬ ગુંઠાને બીનખેતી લે-આઉટ પ્લાન મંજુર કરવા માટે શ્રી કિરીટસિંહ ટપુભા વિગેરેએ રાજકોટ શહેરી વિકાસ સતા મંડળ માંહે અરજી કરતા તેના વિકાસ પરવાનગી પ્રકરણ ક્રમાંક નં. રૂડા/ટિક/ડિવ/મવડી/૭૪૧/૯૪, તા. ૩૧/૧૨/૧૯૯૪ થી લે-આઉટ પ્લાન મંજુર થયેલ છે.

# Mitesh C. Patel

**Advocate** (Gujarat High Court) (B.Com., LL.B)

First Floor, Balaji Hall, 150 Fit Ring Road, Rajkot - 360005.


ત્યાર બાદ મવડીના રે.સ.નં. ૨૫૫ તથા ૨૫૬/૧ ની જમીન એકર ૮-૦૬ ગુંઠાને બીનખેતી કરવા માટે શ્રી કિરીટસિંહ ટપુભા વિગેરેએ રાજકોટના મહે. કલેકટરશ્રીની કચેરીમાં અરજી કરતા બીનખેતી હુકમ નં. એનએ-લેરેકોક-૬૫/કેસ નં. ૩૩/૯૪-૯૫/વશી/૮૨૬ થી ૮૩૫/૯૫, તા. ૦૪/૦૩/૧૯૯૫ ના રોજ બીનખેતી હુકમ મંજુર થયેલ છે. તેના હકક પત્રક-૬ ના નોંધ નં. ૭૫૨ થી નોંધ પ્રમાણીત ગયેલ છે.

ત્યાર બાદ સદરહું મવડી ગામના રે.સ.નં. ૨૫૫ તથા ૨૫૬/૧ માં બીનખેતી થયેલ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનમા આવેલ પ્લોટસ પૈકી પ્લોટ નં. ૭૭ થી ૮૩ ની જમીન ચો.મી.આ. ૧૩૬૭-૨૪ જે શ્રી અરવિંદ મનમાલ જૈન વિગેરે જોગ શ્રી કિરીટસિંહ ટપુભા વિગેરેના કુલમુખત્યાર શ્રી કેશુભાઈ બાવાભાઈ શેખડાએ અનુક્રમ નં. ૭૩૮, તા. ૧૮/૦૧/૧૯૯૬ ના રોજ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

ત્યાર બાદ સદરહું મવડી ગામના રે.સ.નં. ૨૫૫ તથા ૨૫૬/૧ માં બીનખેતી થયેલ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનમા આવેલ પ્લોટસ પૈકી પ્લોટ નં. ૮૧ ની જમીન ચો.મી.આ. ૨૧૪-૭૯ જે શ્રી ચંદુલાલ મોરારજી વોરા જોગ શ્રી અરવિંદ મનમાલ જૈન વિગેરેના કુલમુખત્યાર શ્રી આનંદ નિતિનચંદ્ર મહેતાએ અનુક્રમ નં. ૩૨૬૦, તા. ૨૬/૦૨/૧૯૯૮ (નવો નં. ૨૫૧૬/૯૯), ના રોજ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

ત્યાર બાદ સદરહું મવડી ગામના રે.સ.નં. ૨૫૫ તથા ૨૫૬/૧ માં બીનખેતી થયેલ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનમા આવેલ પ્લોટસ પૈકી પ્લોટ નં. ૮૧ ની જમીન ચો.મી.આ. ૨૧૪-૭૯ જે શ્રી સંદીપ અરૂણકુમાર કંટારીયા જોગ શ્રી ચંદુલાલ મોરારજી વોરાએ અનુક્રમ નં. ૧૫૨૮, તા. ૧૬/૦૯/૧૯૯૮ (નવો નં. ૬૬૧૯, તા. ૦૩/૦૯/૨૦૦૫) ના રોજ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

ત્યાર બાદ સદરહું મવડી ગામના રે.સ.નં. ૨૫૫ તથા ૨૫૬/૧ માં બીનખેતી થયેલ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનમા આવેલ પ્લોટસ પૈકી પ્લોટ નં. ૮૧ ની જમીન ચો.મી.આ. ૨૧૪-૭૯ જે શ્રી રસીકભાઈ દેવશીભાઈ કાચા જોગ શ્રી સંદીપ અરૂણકુમાર કંટારીયાના કુલમુખત્યાર શ્રી હરેશ મહેન્દ્રલાલ શેઠએ અનુક્રમ નં. ૪૦૪૭, તા. ૩૦/૦૭/૨૦૦૪ (નવો નં. ૨૧૯૭, તા. ૧૮/૦૩/૨૦૦૫) ના રોજ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

ત્યાર બાદ સદરહું મવડી ગામના રે.સ.નં. ૨૫૫ તથા ૨૫૬/૧ માં બીનખેતી થયેલ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનમા આવેલ પ્લોટસ પૈકી પ્લોટ નં. ૮૧ ની જમીન ચો.મી.આ. ૨૧૪-૭૯ જે શ્રી નરેન્દ્રભાઈ મગનલાલ સોલંકી જોગ શ્રી રસીકભાઈ દેવશીભાઈ કાચાએ અનુક્રમ નં. ૯૦૧૧, તા.૧૬/૦૬/૨૦૦૭ ના રોજ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

Mitesh C. Patel
Advocate (Gujarat High Court) (B.Com., LL.B)
First Floor, Balaji Hall, 150 Fit Ring Road, Rajkot - 360005.

ત્યાર બાદ સદરહું મવડી ગામના રે.સ.નં. ૨૫૫ તથા ૨૫૬/૧ માં (ટી.પી.સ્કીમ નં. ૨૮ તથા એફ.પી. નં. ૮/૨) બીનખેતી થયેલ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનમા આવેલ પ્લોટસ પૈકી પ્લોટ નં. ૮૧ ની જમીન ચો.મી.આ. ૨૧૪-૭૯ જે મારૂતિ ડેવલોપર્સ ભાગીદારી પેઢી જોગ શ્રી નરેન્દ્રભાઈ મગનલાલ સોલંકીએ અનુક્રમ નં. ૫૩૬૯, તા.૦૩/૧૦/૨૦૧૭ ના રોજ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

ત્યાર બાદ સદરહું મવડી ગામના રે.સ.નં. ૨૫૫ તથા ૨૫૬/૧ માં (ટી.પી.સ્કીમ નં. ૨૮ તથા એફ.પી. નં. ૮/૨) બીનખેતી થયેલ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનમા આવેલ પ્લોટસ પૈકી પ્લોટ નં. ૮૧ ની જમીન ચો.મી.આ. ૨૧૪-૭૯ જે સાન્વી ડેવલોપર્સ ભાગીદારી પેઢી જોગ મારૂતિ ડેવલોપર્સ ભાગીદારી પેઢીએ અનુક્રમ નં. ૪૩૬૫, તા. ૨૮/૦૬/૨૦૧૯ ના રોજ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. ત્યાર બાદ સાન્વી ડેવલોપર્સ ભાગીદારી પેઢીએ તેની તલાટી દફતરે ગામ નમુના નં. ૨ માંહે એન્ટ્રી પ્રમાણીત કરાવેલ તથા સીટી સર્વે વોર્ડ નં. મવડી જેના સટી સર્વે નં. ૮/૨/૭ મોંહ એન્ટ્રી પ્રમાણીત કરાવે છે.

ત્યાર બાદ સદરહું ઉપરોકત પ્લોટસ નં. ૮૧ ની જમીન ઉપર રહેણાંક હેતુના ફલેટસ બનાવવાનું નક્કી કરતા રાજકોટ મહાનગર પાલિકામાં બાંધકામ પરવાનગી ર.ચી.નં. ૧૨૦૭, તા. ૦૮/૦૧/૨૦૨૦ ના રોજથી અમોને સદરહું મિલકતનું વેચાણ કરનારના નામના રીવાઈઝડ બાંધકામ પ્લાન મંજુર કરાવેલ છે. અને સદરહું ઈમારતનું નામ અમો ભાગીદારી પેઢીએ **"સાન્વી ફલેટસ"** રાખેલ છે.

<u>ચતુ:ર્સિમા</u>

| | | |
|---|---|---|
| ઉત્તરે | :- | પ્લોટ નં. ૮૨ ની મિલકત આવેલ છે. |
| દક્ષિણે | :- | પ્લોટ નં. ૮૦ ની મિલકત આવેલ છે. |
| પુર્વે | :- | જાહેર રોડ આવેલ છે. |
| પશ્ચિમે | :- | લાગુ સર્વે નં. ૨૫૪ આવેલ છે. |

**અમોની જમીન પરત્વેના ઉત્તરો-ઉત્તર ટાઈટલ ડીડઝ ::-**

૧. રાજકોટ મહાનગરપાલીકા માંથી મેળવેલ બાંધકામ પરવાનગી નં. ર.ચી. નં. ૧૨૦૭, તા. ૦૮/૦૧/૨૦૨૦ તથા આરંભ પ્રમાણપત્ર તથા મંજુર થયેલ રીવાઈઝડ બિલ્ડીંગ પ્લાનની અસલ.

Mitesh C. Patel
Advocate (Gujarat High Court) (B.Com., LL.B)
First Floor, Balaji Hall, 150 Fit Ring Road, Rajkot - 360005.

૨. રાજકોટની સબ રજી. કચેરીના અનુક્રમ નં. ૪૩૬૫, તા. ૨૮/૦૬/૨૦૧૯ ના રોજથ અમો સાન્વી ડેવલોપર્સ ભાગીદારી પેઢી જોગ મારૂતિ ડેવલોપર્સ ભાગીદારી પેઢીએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.

૩. રાજકોટની સબ રજી. કચેરીના અનુક્રમ નં. ૫૩૬૯, તા. ૦૩/૧૦/૨૦૧૭ ના રોજથી મારૂતિ ડેવલોપર્સ ભાગીદારી પેઢી જોગ શ્રી નરેન્દ્રભાઈ મગનલાલ સોલંકીએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.

૪. રાજકોટની સબ રજી. કચેરીના અનુક્રમ નં. ૯૦૧૧, તા.૧૬/૦૬/૨૦૦૭ થી શ્રી નરેન્દ્રભાઈ મગનલાલ સોલંકી જોગ શ્રી રસીકભાઈ દેવશીભાઈ કાચાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.

૫. રાજકોટની સબ રજી. કચેરીના અનુક્રમ નં. ૪૦૪૭, તા.૩૦/૦૭/૨૦૦૪(જેના નવા નં. ૨૧૮૭, તા. ૧૮/૦૩/૨૦૦૫) થી શ્રી રસીકભાઈ દેવશીભાઈ કાચા જોગ શ્રી સંદિપ અરૂણકુમાર કંટારીયાના કુલમુખત્યાર શ્રી હરેશ મહેન્દ્રલાલ શેઠએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.

૬. શ્રી સંદિપ અરૂણકુમાર કંટારીયાએ તા. ૧૬/૦૯/૨૦૦૩ ના રોજ શ્રી હરેશ મહેન્દ્રલાલ શેઠને આપેલ કુલમુખત્યારનામું અસલ.

૭. રાજકોટની સબ રજી. કચેરીના અનુક્રમ નં. ૧૫૨૮, તા.૧૬/૦૯/૧૯૯૮(જેના નવા નં. ૬૬૧૯, તા.૦૩/૦૯/૨૦૦૫) થી શ્રી સંદિપ અરૂણકુમાર કંટારીયા જોગ શ્રી ચંદુલાલ મોરારજી વોરાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.

૮. રાજકોટની સબ રજી. કચેરીના અનુક્રમ નં. ૩૨૬૦, તા.૨૬/૦૨/૧૯૯૮(જેના નવા નં. ૨૫૧૬, તા.૦૩/૦૬/૧૯૯૯) થી શ્રી ચંદુલાલ મોરારજી વોરા જોગ શ્રી અરવિંદ મનમાલ જૈન વિગેરેના કુલમુખત્યાર શ્રી આનંદ નિતીનચંદ્ર મહેતાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અસલ.

૯. શ્રી અરવિંદ મનમાલ જૈન વિગેરે તા. ૩૦/૦૯/૧૯૯૬ ના રોજ શ્રી આનંદ નિતીનચંદ્ર મહેતા વિગેરેને આપેલ કુલમુખત્યારનામાની નકલ.

Mitesh C. Patel
Advocate (Gujarat High Court) (B.Com., LL.B)
First Floor, Balaji Hall, 150 Fit Ring Road, Rajkot - 360005.

૧૦. રાજકોટની સબ રજી. કચેરીના અનુક્રમ નં. ૭૩૮, તા. ૧૮/૦૧/૧૯૯૬ થી શ્રી અરવિંદ મનમાલ જૈન વિગેરે જોગ શ્રી કિરીટસિંહ ટપુભા વિગેરે-૨૪ ના કુલમુખત્યાર દરજ્જે શ્રી કેશુભાઈ બાવાભાઈ શેખડાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની ખરી નકલ.

૧૧. શ્રી કિરીટસિંહ ટપુભા વિગેરે-૨૪ એ તા. ૧૯/૦૯/૧૯૯૫ ના રોજ શ્રી કેશુભાઈ બાવાભાઈ વિગેરેને આપેલ કુલમુખત્યારનામાની નકલ.

૧૨. કલેકટર કચેરી રાજકોટના હુકમ નં. એનએ-લેરેકોક-૬૫/ કેસ નં. ૩૩/૯૪-૯૫ વશીઃ ૮૨૬ થી ૮૩૫/૯૫, તા.૦૪/૦૩/૧૯૯૫ ના બીનખેતી હુકમની ખરી નકલ.

૧૩. રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળની લે-આઉટ પ્લાન માટે વિકાસ પરવાનગી પ્રકરણ ક્રમાંક નં. રૂડા/ટિક/ડિવ/મવડી/૭૪૧/૯૪, તા.૩૧/૧૨/૧૯૯૪ થી મંજુર થયેલ બીનખેતી લે-આઉટ પ્લાનની નકલ.

૧૪ અધિક કલેકટરશ્રીની કચેરીના હુકમ નં. યુએલસી/૬(૧) ૪૩૬૮, તા.૦૭/૦૭/૧૯૯૩ ની ખરી નકલ.

૧૫. રાજકોટની સબ રજી. કચેરીના અનુક્રમ નં. ૭૭૮૫, તા. ૧૪/૦૬/૧૯૯૧ થી શ્રી કિરીટસિંહ ટપુભા વિગેરે જોગ શ્રી રાજાભાઈ રતીભાઈ મીરાણીના કુલમુખત્યાર દરજ્જે શ્રી ડો.હરીશભાઈ રતીલાલ મહેતાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની ખરી નકલ.

૧૬. શ્રી રાજાભાઈ રતીભાઈ મીરાણીએ તા.૧૩/૦૫/૧૯૯૧ ના રોજ શ્રી ડો. હરીશભાઈ રતીલાલ મહેતાને આપેલ કુલમુખત્યારનામાની નકલ.

૧૭. રાજકોટની સબ-રજી. કચેરીના અનુક્રમ નં.૧૬૯૮૦, તા.૧૯/૧૨/૧૯૯૦ થી શ્રી રાજાભાઈ રતીભાઈ મીરાણી જોગ શ્રી પટેલ વિરજી પ્રેમજીએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની ખરી નકલ.

૧૮. ઉતરોઉતર પ્રમોલગેશનમાં ગામ નમુના નં. હક્ક પત્રક-૬ ની તમામ નોંધનીની નકલ.

# Mitesh C. Patel

**Advocate** (Gujarat High Court) (B.Com., LL.B)

First Floor, Balaji Hall, 150 Fit Ring Road, Rajkot - 360005.


ઉપરોકત વર્ણનવાળા ઉત્તરોતર ટાઈટલ ડીડઝ તપાસતા તેમજ સબ રજીસ્ટ્રાર કચેરી, રાજકોટમા સને **૧૯૯૦ થી ૨૦૨૦ ની સાલની ૩૦-વર્ષની સર્ચ ફી પહોંચ નં. ૨૦૨૦૩૨૬૦૦૭૦૭૪ તથા પહોંચ નં. ૨૦૨૦૦૨૩૦૧૩૬૫૬ તથા પહોંચ નં. ૨૦૨૦૦૨૨૦૧૧૪૮૮** થી ભરેલ છે. અને રેકર્ડ તપાસેલ છે. આ મિલકત ઉપર કોઈપણ પ્રકારનો બોજો નોંધાયેલ નથી તેથી માનવાને કારણ છે કે ઉપરોકત બાબતમાં જણાવેલ મિલકતની માલીકી અને કબજો ભોગવટો **"સાન્વી ડેવલોપર્સ" ના નામથી ચાલતી ભાગીદારી પેઢી**નો આવેલ છે. આથી મારા સ્પષ્ટ અભિપ્રાય મુજબ સવાલવાળી મિલકતના ટાઈટલ કોઈપણ ગીરો બોજો વગરના વ્યાજબી, શંકા રહિત, માર્કેટેબલ અને ટાઈટલ કલીયર હોવાનું મારું માનવું છે.

સ્થળ: રાજકોટ,     તા. ૧૦/૧૧/૨૦૨૦

મિતેશ સી. પટેલ (એડવોકેટ)
(એન્રોલમેન્ટ નં. જી/૧૦૫૧/૨૦૦૯)

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.નં. 255 તથા 256(1) ટી.પી.નં. 28, એફ.પી.નં. 8/2 પ્લોટ નં. 81 ચો.મી. 214.79

Search in : Mavdi/Mavdi

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૦૩૨૬૦૦૭૦૭૪ | અરજી નંબર | ૩૦૬૦ | અરજી વર્ષ | ૨૦૨૦ |
| તારીખ | ૨૨ | માહે | જુલાઈ | સને | ૨૦૨૦ |

રજુ કરનારનું નામ મિતેશ સી.પટેલ (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........ | |
| શેરોની નકલ કરવા માટે ફી........ | |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી............Year: 2012 2020 | ૧૦૦.૦૦ |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |

| કુલ એકંદરે રૂ. | ૧૦૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એક સો શુન્ય પુરા

દસ્તાવેજ

_ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT - 6 (MAVADI)

J. S. RAMPARIYA
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 6 - મવડી

અંકે રૂ. : 100.00

20200722521901392

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 6 - મવડી

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.નં:255 તથા 256(1) ટી.પી.નં:28 એફ.પી.નં:8/2 પ્લોટ નં:81

Search in : મવડી /MAVDI

| પહોંચ નંબર | ૨૦૨૦૦૨૩૦૧૩૬૫૬ | અરજી નંબર | ૮૧૫૦ | અરજી વર્ષ | ૨૦૨૦ |
|---|---|---|---|---|---|
| તારીખ | ૨૨ | માહે | જુલાઈ | સને | ૨૦૨૦ |

રજુ કરનારનું નામ એમ.સી.પટેલ (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો | |
| શેરોની નકલ કરવા માટે ફી | |
| ટપાલ ખર્ચ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ) | |
| શોધ અગર તપાસણી............Year: 1998 2012 | ૧૬૦.૦૦ |
| દંડ કલમ-૨૫ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ) | |
| નકલ ફી ફોલીયો | |
| ઈન્ડેક્ષ-૨ ફી | |
| કુલ એકંદરે રૂ. | ૧૬૦.૦૦ |

અંકે રૂપીયા એક સો સાઈઠ પુરા

દસ્તાવેજ _ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

A. N. Dasani
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 2

અંકે રૂ. : 160.00

20200722222790879

સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 2

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : મવડી રે.સ.નં-255 તથા 256(1)TP-28 FP-8/2 પ્લોટ નં-81 ચો.મી 214-79

Search In : RAJKOT-1/RAJKOT-1

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૦૦૨૨૦૧૧૪૮૮ | અરજી નંબર | ૮૦૩૯ | અરજી વર્ષ | ૨૦૨૦ |

તારીખ ૨૩ માહે જુલાઈ સને ૨૦૨૦

રજુ કરનારનું નામ મીતેશ સી.પટેલ(એડ)શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો | |
| શેરોની નકલ કરવા માટે ફી | |
| ટપાલ ખર્ચ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ) | |
| શોધ અગર તપાસણી............Year: 1990 1997 | ૯૦.૦૦ |
| દંડ કલમ-૨૫ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ) | |
| નકલ ફી ફોલીયો | |
| ઈન્ડેક્ષ-૨ ફી | |
| કુલ એકંદરે રૂ. | ૯૦.૦૦ |

(Seal: THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-1 (CITY))

અંકે રૂપીયા નેવું પુરા

દસ્તાવેજ ______ ના દિવસે તૈયાર થશે અને ______ તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં આવશે.

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

NAVDIP VALKUBHAI KHACHAR
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 1

અંકે રૂ. : 90.00
20200722739148247
સબ રજીસ્ટ્રાર, રાજકોટ - 1